MADHUBUN®

# મધુકુંજ

## ગુજરાતી પાઠમાળા 2

@Madhubun Educational Books

# આપણી વર્ણમાળ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | ઋ |
| | ા | િ | ી | ુ | ૂ | ૃ |
| એ | ઐ | ઓ | ઔ | અં | અ: | |
| ે | ૈ | ો | ૌ | ં | : | |



| | | | | |
|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | |
| ચ | છ | જ | ઝ | |
| ટ | ઠ | ડ | ઢ | ણ |
| ત | થ | દ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ |
| ય | ર | લ | વ | |
| શ | ષ | સ | હ | |
| ળ | ક્ષ | જ્ઞ | ત્ર | |





@Madhubun Educational Books

# બે શબ્દો

**'મધુકુંજ' ગુજરાતી પાઠમાળા-૨** એ મધુબન પબ્લિકેશન કે જે હિંદી અને અંગ્રેજી પાઠ્યપુસ્તકોના પ્રતિષ્ઠિત તથા યશસ્વી પ્રકાશક તરફથી ગિરા ગુર્જરીના બાળ વિદ્યાર્થીઓ માટે નવલુ નજરાણું છે. આજનું શિક્ષણ બાળકેન્દ્રી અને સર્વાંગી વિકાસને અનુરૂપ બને. આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને મધુકુંજનું સર્જન કરવામાં આવ્યું છે. આ સાથે નૈતિક મૂલ્યો, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ જીવનશૈલી (Values, Environment, Conservation and Healthy lifestyle) પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

## 'મધુકુંજ' ૨ ની વિશેષતાઓ–

* ભાષાના તમામ કૌશલ્યો - શ્રવણ, પઠન, કથન, લેખન અને ચિંતનની સાથે-સાથે Multiple Intelligences, HOTs and VBQs.
* વિદ્યાર્થીઓના રસ, ક્ષમતા અને ભાષાસ્તરને ધ્યાનમાં રાખીને આધુનિક પરિસ્થિતિઓને અનુરૂપ પાઠ અને અભ્યાસ.
* સુંદર ચિત્રોથી સજાવેલ ચિત્રકથાઓ દ્વારા અવલોકન શક્તિ અને વર્ણનશક્તિનો વિકાસ.
* શબ્દ-ભંડોળમાં વૃદ્ધિ, શુદ્ધ ઉચ્ચારણ પર વિશેષ ધ્યાન.
* પાઠ અને વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યોનું શિક્ષણ.

* **વાત કરો—** વડીલોની સાથે વાતચીત કરીને પાઠને સંબંધિત જાણકારી પ્રાપ્ત કરવી.
* વિદ્યાર્થીઓની રુચિ તથા ભાષા સ્તરને ધ્યાનમાં રાખીને સરળ તથા મનપસંદ પાઠો દ્વારા આધુનિક પરિવેશ જોડવાનો પ્રયાસ.
* પાઠની તૈયારી માટે 'ચર્ચાના મુદ્દા'.
* ભારતના જુદા જુદા તહેવારોની ઝલક ચિત્ર રૂપે.
* નમૂનાના પ્રશ્નપત્રો.
* Reading for fun - ઈત્તર વાંચન સામગ્રી.
* Flipbook with Animation
* Teacher's support book containing lesson plan, answer of all question from textbook and few worksheets.



અનુભવી શિક્ષક અને શિક્ષિકાઓને અમારી વિનંતી છે કે સમય-સમય પર પોતાના વિચારો દ્વારા અને માર્ગદર્શન આપતા રહે. જેનાથી 'મધુકુંજ' ની આગળની આવૃત્તિઓમાં જરૂરી સુધારા લાવી શકાય.

શ્રેણી સંપાદકના સહયોગ બદલ અમે હેમરાજસિંહ જાડેજા નો આભાર વ્યક્ત કરીએ છીએ.

આ પુસ્તકના શુદ્ધિ વાંચન તેમજ સમીક્ષા માટે શ્રીમતી નયના પરમાર, શ્રીમતી પ્રીતા પીલય, પોદાર - ઈન્ટરનેશનલ સ્કૂલ, વડોદરા, વૈશાલી ગાલિયા, મિત્તલ પટેલ અને રક્ષા ભૂતકનો આભાર વ્યક્ત કરીએ છીએ.

—પ્રકાશક

*look for*
**More Worksheets**
for teachers of user schools on
www.websupport.madhubunbooks.com

@Madhubun Educational Books

# પાઠક્રમ

| | | પાના નં. |
|---|---|---|
| 1. | મારા પ્રભુજી<br>કવિતા | 6 |
| 2. | મીઠ્ઠુ અને ચીનુ<br>ચિત્રકથા | 10 |
| 3. | રમકડાંની સભા<br>એકાંકી | 17 |
| 4. | નાની સરખી ખિસકોલી<br>કવિતા | 23 |
| | ઊંટનું ડોકું વાંકું કેમ ?<br>*Reading For Fun* | 28 |
| 5. | આળસુ માણેકડું<br>વાર્તા | 29 |
| 6. | પાયલનું સાહસ<br>ઘટના | 35 |
| 7. | હોડી મઝાની<br>કવિતા | 43 |
| 8. | સ્વચ્છતા એક શરૂઆત | 47 |
| | તહેવાર પ્રિય ભારત<br>આપણું ભારત | 54-55 |
| 9. | મીનીનો ઈમેલ<br>શબ્દ-ચિત્ર | 56 |

©Madhubun Educational Books

| | | પાના નં. |
|---|---|---|
| 10. | જોડકણાં<br>કવિતા | 61 |
| 11. | બુલબુલનાં બચ્ચાં<br>વાર્તા | 67 |
| 12. | ખૂબ ઉપયોગી થેલો<br>ચિત્રકથા | 74 |
| 13. | તિરંગો<br>કવિતા | 82 |
| 14. | વનરાજા<br>વાર્તા | 86 |
| 15. | ઋતુ ચક્ર<br>વાતચીત | 94 |
| | ચિત્ર–પઠન<br>જન્મદિવસ ની પાર્ટી | 104-105 |
| | ઉખાણાં | 108 |
| | નમૂનાનું પ્રશ્નપત્ર<br>*(Term-I & II)* | 109 |
| | ચિત્ર કોયડો | 113 |
| | ચિત્ર વર્ણન | 114-116 |


©Madhubun Educational Books

# 1 મારા પ્રભુજી

**ચર્ચાના મુદ્દા** — ❀ આપણે પ્રાર્થના કેમ કરીએ છીએ ? ❀ પ્રાર્થના કઈ કઈ જગ્યાએ કરીએ છીએ ?

*પ્રાર્થનાથી આપણા મનને શાંતિ મળે છે. પ્રાર્થનાથી આપણામાં સદ્‌ગુણોનો વિકાસ થાય છે. આ ગીતમાં શ્રીકૃષ્ણ ભગવાનને યાદ કરવામાં આવ્યા છે.*



મારા પ્રભુજી નાના છે,
દુનિયાભરના રાજા છે.
આભે ચઢીને ઊભા છે,
સાગર જળમાં સૂતાં છે.
મારા પ્રભુજી....



યમુના કિનારે ઊભા છે,
મીઠી મીઠી બંસી બજાવે છે....
મારા પ્રભુજી....
પીળા પીતાંબર પહેર્યાં છે,
જશોદાને પાયે લાગે છે....
પગમાં ઝાંઝર પહેર્યાં છે,
રૂમઝૂમ રૂમઝૂમ નાચે છે....
મારા પ્રભુજી....

@Madhubun Educational Books

# અભ્યાસ

## શબ્દાર્થ (Word meaning).

| | | | | | |
|---|---|---|---|---|---|
| રાજા | - | રાજવી (King) | ઝાંઝર | - | પગમાં પહેરવાનું ઘરેણું (Anklets) |
| બંસી | - | વાંસળી (Flute) | આભ | - | આકાશ (Sky) |
| પાય | - | પગ (Leg) | જળ | - | પાણી (Water) |
| સાગર | - | દરિયો (Sea) | દુનિયા | - | જગત (World) |

## અઘરા શબ્દો (Hard Words).

દુનિયા, પીતાંબર, ઝાંઝર, પ્રભુજી, મીઠી, રૂમઝૂમ

@Madhubun Educational Books

## સ્વાધ્યાય

### 1. પ્રશ્નોત્તર (Question / Answer) :

**મૌખિક** — Oral expression

(૧) દુનિયાભરના રાજા કોણ છે ?

(૨) પ્રભુજી કયાં ઊભા છે ?

(૩) પ્રભુજીએ પગમાં શું પહેર્યું છે ?

**લેખિત** — Written expression

(૧) પ્રભુજી યમુના કિનારે શું કરે છે ?

(૨) પ્રભુજી કોને પગે લાગે છે ?

(૩) સાગર જળમાં કોણ સૂતું છે ?

(૪) કવિતામાં કયા ભગવાનની વાત કરી છે ?

## 2. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો (Choose the correct answer)

MCQs

(૧) મીઠી બંસી કોણ વગાડે છે ?

- ☐ ભગવાન રામ
- ☐ ભગવાન શ્રીકૃષ્ણ
- ☐ ભગવાન શંકર

(૨) ભગવાને કેવાં વસ્ત્રો પહેર્યાં છે ?

- ☐ પીળા
- ☐ લીલા
- ☐ લાલ

(૩) પ્રભુજી કેવા છે ?

- ☐ મોટા
- ☐ નાના
- ☐ પાતળા

## 3. કવિતા પૂર્ણ કરો. (Complete the poem)

Recall

યમુના કિનારે.................

...........................

.......રૂમઝૂમ રૂમઝૂમ નાચે છે.

## 4. મૂલ્યવર્ધક પ્રશ્નો. (Value based)

See the picture and write the name of God.






શ્રી ______, શ્રી ______, મ ______ દેવ, હ ______ મા ______

@Madhuban Educational Books

## ભાષા જ્ઞાન

### 1. વિરોધી શબ્દો. (Opposite words)

મીઠી × ..............

નાના × ..............

સૂતાં × ..............

રાજા × ..............

### 2. યોગ્ય માત્રા લગાવો.

પ્ર ભ જી

ય મ ના

### 3. કવિતામાંથી નામ શોધીને લખો.

નદી ________

માતા ________

### 4. કોણ કેવું છે તે જણાવો.

બંસી ________

વસ્ત્ર ________

પ્રભુજી ________

@Madhubun Educational Books

### વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

(૧) 'પ્રભુ અંતરયામી' પ્રાર્થના યૂ ટ્યૂબ પર સાંભળો.

(૨) દાદા-દાદી પાસેથી પ્રાર્થના ગીત સાંભળો.

# 2 મીઠુ અને ચીનુ

**ચર્ચાના મુદ્દા —** ❀ પોપટને બધા કયા નામે બોલાવે છે ? ❀ પોપટને શું બહુ ભાવે છે ? ❀ આપણે પોપટ અને કાગડાને કઈ રીતે ઓળખીશું ?

*માણસની જેમ પક્ષીઓ પણ એક-બીજા સાથે હળી-મળીને રહે છે, સારા મિત્રો બની શકે છે. સંકટ સમયે એ પણ સમજી-વિચારીને કામ કરે છે.*

એક પોપટ હતો. તેનું નામ મીઠુ હતું. ગામમાં પીપળાના ઘટાદાર વૃક્ષની ડાળી પર મીઠુએ પોતાનું ઘર બનાવ્યું હતું. એક દિવસ એ ઊડતો ઊડતો એક આંબાના ઝાડ પાસે પહોંચ્યો.




મીઠુએ આંબાના ઝાડ પર બેસવાની કોશિશ કરી પણ... કાગડાના કર્કશ અવાજથી એ ડરી ગયો.






© Madhubun Educational Books




©Madhubun Educational Books

# અભ્યાસ

## શબ્દાર્થ (Word meaning).

| | | |
|---|---|---|
| ઘટાદાર | - | વધારે ડાળીઓ અને પાંદડાવાળું (Dense) |
| કોશિશ | - | પ્રયત્ન, પ્રયાસ (Try) |
| કર્કશ | - | સાંભળવું ન ગમે એવું (Intrusive) |

## અઘરા શબ્દો (Hard Words).

ડાળી, વૃક્ષ, કોશિશ, કર્કશ, ફુગ્ગો, શિકારી, મિત્ર

@Madhuban Educational Books

## સ્વાધ્યાય

### 1. પ્રશ્નોત્તર (Question / Answer) :

**મૌખિક** Oral expression

(૧) ચીનુ મીઠુને કેમ ભગાડતો હતો ?

(૨) મીઠુ ફુગ્ગો લઈને કેમ આવ્યો ?

(૩) સમજી વિચારીને કામ કરવાથી શું થાય ?

**લેખિત** Written expression

(૧) મીઠું કયાં રહેતો હતો ?

(૨) પાકી કેરી જોઈ મીઠુને શો વિચાર આવ્યો ?

(૩) ફુગ્ગો જોઈને ચીનુ કાગડાને શો વિચાર આવ્યો ?

## 2. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો (Choose the correct answer)

MCQs

(૧) મીઠ્ઠુએ ઝાડ પર શું જોયું ?

☐ મોસંબી ☐ પાકી કેરી ☐ નારંગી

(૨) મીઠ્ઠુએ ઊડતા ઊડતા રસ્તામાં શું જોયું ?

☐ રમકડું ☐ કેરી ☐ ફુગ્ગો

(૩) ફુગ્ગો ફૂટતા ચીનુને શું લાગ્યું ?

☐ શિકારી આવ્યો છે ☐ સિંહ આવ્યો ☐ માળી આવ્યો

## 3. એક શબ્દમાં જવાબ આપો.

One word answer

(૧) મીઠ્ઠુ કોણ હતો ?

(૨) ચીનુ કોણ હતો ?

(૩) કાગડાનો અવાજ કેવો હતો ?

## 4. મૂલ્યવર્ધક પ્રશ્નો. (Value based)

Companionship, team work, friendship

તમારા વર્ગમાં એક નવો વિદ્યાર્થી આવ્યો છે, તો તમે શું કરશો એ 🙂 અથવા ☹ બનાવીને કહો.

(૧) એનું નામ પૂછશો. ◯

(૨) શાળામાં ફેરવશો. ◯

(૩) એની સાથે વાત નહિ કરો. ◯

(૪) બીજા મિત્રો સાથે એની ઓળખાણ કરાવશો. ◯

(૫) ભેગાં મળીને રમશો. ◯

(૬) એને રમાડશો નહિ. ◯



@Malhubun Educational Books

તમારા પાડોશીના ઘેર એક નારંગીનું ઝાડ છે. એની એક ડાળી તમારા ઘરમાં ઝુકી ગઈ છે. તમારે નારંગી તોડવી છે, તો શું કરશો.

| | | | |
|---|---|---|---|
| (૧) ચુપચાપ નારંગી તોડી લેશો | ☐ | (૪) પાડોશીને પૂછશો | ☐ |
| (૨) પાડોશી પાસે માંગશો | ☐ | (૫) ઝઘડો કરશો | ☐ |
| (૩) નારંગી તોડીને પછી કહેશો | ☐ | (૬) નારંગી તોડીને એમને આપી દેશો | ☐ |



## ભાષા જ્ઞાન

### 1. એકવચન બહુવચન (Singular/Plural)

| | | | |
|---|---|---|---|
| ફુગ્ગો | ફુગ્ગા | ડાળી | ડાળીઓ |
| કેરી | .............. | કાગડો | .............. |
| ફળ | .............. | મિત્ર | .............. |

### 2. વિરોધી શબ્દો લખો. (Opposite Words)

| | | | |
|---|---|---|---|
| દિવસ × | રાત | નીચે × | .............. |
| પાકી × | .............. | હસે × | .............. |
| પાસે × | .............. | | |

### 3. નીચે આપેલા નમૂના પ્રમાણેના શબ્દો પાઠમાંથી શોધીને લખો. (Do as directed)

| | | | |
|---|---|---|---|
| ો (કાનો માત્રા) - | કોશિશ | ુ (હ્રસ્વ-ઉ) - | .............. |
| ી (દીર્ઘ-ઈ) - | .............. | ે (માત્રા) - | .............. |
| િ (હ્રસ્વ-ઈ) - | .............. | ા (કાનો) - | .............. |

@Madhubun Educational Books

## 4. પાઠમાં આપેલા નામ જણાવો.

| ફળનું નામ | રમવાની વસ્તુનું નામ | પક્ષીનું નામ |
|---|---|---|
| .............. | .............. | .............. |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

- રસવાળા પાંચ ફળોના નામ લખીને ચિત્રો બનાવો.
- પક્ષીઓની અનોખી દુનિયા વિશે જાણો. તમારા ઘર પાસે આવતા પક્ષીઓની માહિતી એકઠી કરો.
- પોપટનું ચિત્ર દોરી એમાં રંગ પૂરો.—



@Madhubun Educational Books

**વાત કરો —**

- તમે મીઠ્ઠુની જગ્યાએ હોવ તો શું કરો ?

# 3 રમકડાંની સભા

**ચર્ચાના મુદ્દા —** ❀ તમે શાળાએથી ઘેર જઈને શું શું કરો છો ? ❀ સાંજે કઈ કઈ રમતો રમો છો ? ❀ ટી.વી.માં કયા કાર્યક્રમ જુઓ છો ? ❀ તમને કમ્પ્યૂટરમાં શું કરવું ગમે છે ?

*આજ કાલ બાળકો ઘરની બહાર ખુલ્લા મેદાનમાં રમાય એવી રમતો રમતા નથી. એના બદલે ઘરમાં બેસીને વીડિયો ગેમ રમ્યા કરે છે, તેથી બાળકોનાં રમકડાં પણ ઉદાસ છે...*




*(પપ્પુ અને ટીકુએ શાળાએથી આવીને દફતર ટેબલ પર મૂક્યું)*

 — મમ્મી બહુ ભૂખ લાગી છે.

 — બેટા, નાસ્તો તૈયાર જ છે, જલદી હાથ પગ ધોઈ અને કપડાં બદલી લો.

 — અરે વાહ ! બટાકાપૌંઆ, મને બહુ ભાવે છે. બંને જણે નાસ્તો કરી લીધો.

ટીકુએ વાસણ ચોકડીમાં મૂક્યા અને પપ્પુએ ટેબલ સાફ કરી દીધું પછી બંને ગૃહકાર્ય કરવા બેસે છે.

*(ઓરડાના એક ખૂણામાં રમકડાંનું બાસ્કેટ પડ્યું છે. થોડી થોડી વારે બાસ્કેટમાં રહેલા રમકડાં બાસ્કેટમાંથી મોં બહાર કાઢીને જુએ છે...)*

 — હવે, ટીકુ અને પપ્પુ આપણી સાથે રમશે.

@Madhubun Educational Books

ગૃહકાર્ય પૂરું કરીને બંને કમ્પ્યૂટરમાં રમવા લાગે છે, પછી રાતનું ભોજન કરી થોડી વાર ટેલિવિઝન જોઈને સૂઈ જાય છે. *(બધાં રમકડાં બિચારાં ઉદાસ થઈ જાય છે.)*


— *(ઉદાસ થઈને)* આપણે કેટલાંય દિવસોથી આ બાસ્કેટમાં જ છીએ. આપણી સાથે કોઈ રમતું નથી. મારી તો હવા નીકળી ગઈ છે. ટીકુ અને પપ્પુ તો કમ્પ્યૂટર જ રમે છે. મને બાગમાં પણ નથી લઈ જતા.


— અમને તો જાણે ભૂલી જ ગયા છે. મારાં તો પાસા-કૂકરીઓ પણ ખોવાઈ ગયા છે.


— સાચી વાત છે ભાઈ, મને તો છોકરાઓ હાથ જ લગાડતા નથી.


— *(આગળ આવીને બોલે છે)* દોસ્તો, આમ જ ચાલશે તો એ બંને તો આપણને ભૂલી જ જશે, ને એક દિવસ આપણને ભંગારમાં નાંખી દેશે આ તો સારું ન કહેવાય. કમ્પ્યૂટરના લીધે એ બંને સાંજે બહાર રમવા પણ જતા નથી.


— *(આગળ આવીને)* આપણી સાથે રમે, ખુલ્લી હવામાં દોડે તો એમનું શરીર પણ સ્વસ્થ રહેશે.


— અમારી ઉપર તો ધૂળ જામી ગઈ છે.

@Madhubun Educational Books



— અરે, અમારી સાથે તો ક્યારેક ઘરમાં બેસીને રમે તો પણ એમના મગજને કસરત મળે.

(ટૅડીબૅર એક ખૂણામાં બેસીને બધાં સાથીઓની વાતો સાંભળતું હતું)



— દોસ્તો દુઃખી ના થશો. આપણે ભેગાં થઈને દાદીમા પાસે જઈએ.

(બધાં દાદીમા પાસે જઈને પોત-પોતાની વાત કહે છે. આ બધાંની વાતો સાંભળીને ટીકુ અને પપ્પુ જાગી જાય છે. એમની વાતો સાંભળીને બંનેને લાગે છે કે રમકડાંની વાત સાચી છે.)



— અમારા વ્હાલા મિત્રો! આજથી અમે તમારી સાથે રમીશું. આજે રવિવાર છે, ચાલો, બૅટ-બૉલથી રમીએ. જમ્યા પછી દિવસે હું પુસ્તક વાંચીશ.



— ચાલો આપણા મિત્રોને બોલાવીએ. બહાર કેટલું સરસ વાતાવરણ છે! થોડી વાર ફૂટબૉલ રમીશું. પછી પઝલ રમીશું.

પપ્પુ પંપથી ફૂટબૉલમાં હવા ભરે છે, ગીત ગાતો ગાતો બહાર જાય છે. કમ્પ્યૂટર આ જોઈને સ્મિત કરે છે.

બધાં રમકડાં ખુશ થાય છે.

@Madhubun Educational Books

# અભ્યાસ

## શબ્દાર્થ (Word meaning).

**ચોકડી** - કપડાં, વાસણ સાફ કરવા માટેની જગ્યા (Wash Area)

**ભંગાર** - નકામી વસ્તુઓ (Scrap)

**સાથી** - મિત્ર (Friend)

**સ્મિત** - હાસ્ય (Smile)

## અઘરા શબ્દો (Hard Words).

કમ્પ્યૂટર, વીડિયો, ગૃહકાર્ય, ફૂટબૉલ, ટૅડીબૅર, ઢીંગલી, ટેલિવિઝન

## સ્વાધ્યાય

### 1. પ્રશ્નોત્તર (Question / Answer) :

**મૌખિક** Oral expression

(૧) ટીકુ અને પપ્પુ રમકડાં કેમ નહતા રમતા ?

(૨) તમને સાંજે કઈ રમત રમવી ગમે છે ?

(૩) ઘરમાં બેસીને રમી શકાય એવી રમતો કઈ છે ?

**લેખિત** Written expression

(૧) શાળાએથી આવીને ટીકુ અને પપ્પુએ શું કર્યું ?

(૨) ખુલ્લી હવામાં રમવું કેમ જરૂરી છે ?

(૩) રમકડાં કેમ ઉદાસ હતાં ?

@Madhubun Educational Books

## 2. નીચેના વિધાનો કોણ બોલે છે એ જણાવો.

Recall

(૧) 'અમે તો કેટલાંય દિવસોથી આ બાસ્કેટમાં જ છીએ.' ....ફૂટબૉલ....

(૨) 'અમને તો જાણે ભૂલી જ ગયાં છે.' ...............

(૩) 'અમારી ઉપર તો ધૂળ જામી ગઈ છે.' ...............

(૪) 'આપણે દાદીમા પાસે જવું જોઈએ'. ...............

## 3. યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.—

Recall

(૧) ઓરડાના એક ખૂણામાં રમકડાંનું ....બાસ્કેટ.... પડ્યું હતું.

(૨) પપ્પુ પંપથી ...............માં હવા ભરે છે.

(૩) ટીકુ અને પપ્પુ ...............માં જ રમત રમે છે.

કમ્પ્યૂટર
બાસ્કેટ
ફૂટબૉલ

## 4. મૂલ્યવર્ધક પ્રશ્નો. (Value based)

Help, sharing, physical activity

(૧) તમારા રમકડાં જૂનાં થઈ ગયાં છે, હવે એનું શું કરશો ? જણાવો.

(૨) સાચા વિધાનની સામે 🙂 નું ચિહ્ન લગાવો.—

મિત્રો સાથે ઘર બહાર ખુલ્લી હવામાં રમવાથી આપણે—

(ક) આળસુ બની જઈએ.

(ખ) ખુશ રહીએ.

(ગ) આપણે એકલા પડી જઈએ.

(ઘ) આપણું શરીર સ્વસ્થ રહે.

(ચ) આપણે ઉદાસ થઈ જઈએ.

@Madhubun Educational Books

## ભાષા જ્ઞાન

## 1. ને, ની, માં, ના વગેરેમાંથી યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.

(૧) ઓરડા ……ના…… ખૂણામાં રમકડાંનું બાસ્કેટ પડ્યું હતું.

(૨) એમના મગજ …… કસરત થશે.

(૩) રાત્રે જમી …… તેઓ સૂઈ ગયા.

## 2. શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્યો ફરીથી લખો.

(૧) કોઈ નથી અમારી જોડે રમતું.

……અમારી જોડે કોઈ રમતું નથી.……

(૨) રમકડાં છે પણ ઉદાસ.

……………………………………………

(૩) મારી ગઈ છે હવા નીકળી તો.

……………………………………………

©Madhubun Educational Books

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

**વાત કરો —**

- તમારા દાદા-દાદી સાથે વાત કરો અને તેમને પૂછો કે તેઓ તેમના બાળપણમાં કઈ - કઈ રમતો રમતા હતા ?

# 4 નાની સરખી ખિસકોલી

**ચર્ચાના મુદ્દા —** ❀ તમે કોઈ પવિત્ર સ્થળે ગયા છો ? ❀ પવિત્ર સ્થળોએ ફરવા જઈએ એને યાત્રા કહેવાય.

*કવિતામાં ખિસકોલી યાત્રા કરવા જાય છે, એનું વર્ણન કરવામાં આવ્યું છે.*



નાની સરખી ખિસકોલી,<br>
જાત્રા કરવા જાય, જાત્રા કરવા જાય.<br>
કિલ કિલ કરતી સ્ટેશન પહોંચી,<br>
ટિકિટ લેવા જાય, ટિકિટ લેવા જાય.<br>
સ્ટેશન ઉપર લેતા,<br>
માસ્તર ગભરાઈ જાય, માસ્તર ગભરાઈ જાય.<br>
છૂક છૂક કરતી ગાડી ઊપડી,<br>
બારણાં વસાઈ જાય, બારણાં વસાઈ જાય



@Mahambun Educational Books



છૂક છૂક કરતી ગાડી ઊપડી,
ખિસકોલી બેસી જાય,
ખિસકોલી બેસી જાય.

સૌથી પહેલા કાશી ગઈ,
ગંગાજીમાં ન્હાય,
ગંગાજીમાં ન્હાય.

બમ્ ભોલેનું ધ્યાન ધરીને,
ખિસકોલી બહુ હરખાય,
ખિસકોલી બહુ હરખાય.



@Madhubun Educational Books

# અભ્યાસ

## શબ્દાર્થ (Word meaning).

| | | |
|---|---|---|
| ખિસકોલી | - | Squirrel |
| વસાઈ જાય | - | બંધ થાય (to close) |
| જાત્રા | - | યાત્રા (Holy pilgrimage) |
| હરખાય | - | ખુશ થાય (Happy) |

## અઘરા શબ્દો (Hard Words).

ખિસકોલી, જાત્રા, સ્ટેશન, ટિકિટ, માસ્તર, કાશી, છૂક છૂક

## સ્વાધ્યાય

### 1. પ્રશ્નોત્તર (Question / Answer) :

**મૌખિક** — Oral expression

(૧) ખિસકોલી ક્યાં જાય છે ?

(૨) ખિસકોલી કેવી છે ?

(૩) ખિસકોલી ટિકિટ ક્યાંથી લે છે ?

**લેખિત** — Written expression

(૧) ખિસકોલી સૌપ્રથમ કયાં ગઈ ?

(૨) ગાડી કેવી રીતે ઊપડી ?

(૩) ખિસકોલી શેમાં સ્નાન કરે છે ?

@Madhubun Educational Books

## 2. સાચા ઉત્તર પર ✓ નિશાની કરો (Choose the correct answer)

MCQs

(૧) ખિસકોલી શેમાં બેસીને યાત્રા કરવા ગઈ ?

- ☐ રેલગાડી ☐ ઘોડાગાડી ☐ બળદગાડી

(૨) ખિસકોલી કોનું ધ્યાન ધરે છે ?

- ☐ કૃષ્ણ ભગવાનનું ☐ ગંગામૈયાનું ☐ ભોલેનાથનું

(૩) ખિસકોલી કેવી રીતે સ્ટેશન પહોંચી ?

- ☐ છૂક છૂક કરતી ☐ કિલ કિલ કરતી ☐ ટીંગ ટીંગ

## 3. કવિતા પૂર્ણ કરો. (Complete the poem)

Recall

નાની સરખી ખિસકોલી .....

સૌથી પહેલા કાશી ગઈ .....

બમ્ ભોલેનું ધ્યાન ધરીને .....

## 4. મૂલ્યવર્ધક પ્રશ્નો. (Value based)

General knowledge
Love for birds

**તમારા આંગણમાં પક્ષીઓ આવે છે, તો તમે શું કરશો ? સાચા ઉત્તર માટે ☺ બનાવો.**

- પક્ષી માટે ચણ નાખીશું ○
- પક્ષીને પથ્થર મારીશું ○
- પક્ષીઓ માટે પાણી પીવાના કૂંડાં મૂકીશું ○
- તાળી પાડી ઉડાવી દઈશું ○
- આવતા-જતા ધીમેથી ચાલીશું ○
- આંગણાંમાં આવતા પશુઓથી રક્ષણ કરીશું ○

@Madhubun Educational Books

## ભાષા જ્ઞાન

1. 'હ્રસ્વ-ઈ' વાળા શબ્દો લખો.

િ ......ટિકિટ......, ..............., ...............,

2. 'દીર્ઘ-ઈ' વાળા શબ્દો લખો.

ી ......ગાડી......, ..............., ...............,

3. સરખા ઉચ્ચારવાળાં શબ્દો શોધો.

ન્હાય ...............

વસાઈ ...............

©Madhuban Educational Books

## વિષય સંવર્ધન પ્રવૃત્તિઓ (Creative Activities)

- તમારા ઘર-આંગણાંમાં આવતા નાના-નાના પશુ-પંખીઓના ચિત્રો લગાવો. તમને ગમતા એક પંખી વિશે બે-બે વાક્યો લખો.

વાતચીત કરો.

- ખિસકોલીના શરીર પર પટ્ટા છે, એ કેમ છે ? એની વાત તમારા નાનીમા કે દાદીમા પાસેથી સાંભળો.
- Draw the picture of your favourite bird and colour it.
- 'રંગીલા રંગીલાં રંગીલાં' પતંગિયાં ગીત સાંભળો.

## Reading for fun

### ઊંટનું ડોકું વાંકું કેમ ?

એક વખત બાદશાહે બિરબલને જાગીર (મિલકત) આપવાનું વચન આપ્યું. પરંતુ જ્યારે જાગીર આપવાનો સમય આવ્યો તો ડોકું ફેરવી દીધું.

થોડા દિવસો બાદ બાદશાહ અને બિરબલ ક્યાંક જઈ રહ્યા હતાં, રસ્તામાં એક ઊંટ જતું દેખાયું.

ઊંટને જોઈને બાદશાહે બિરબલને પૂછ્યું, ‘બિરબલ, ઊંટનું ડોકું વાંકુ કેમ હોય છે ?’

બિરબલ - ‘જહાંપનાહ, ગુસ્તાખી માફ, પરંતું મારો વિચાર એવો છે કે એણે પણ કોઈને જાગીર આપવાનો વાયદો કર્યો હશે અને સમય આવ્યે ડોકું ફેરવી લીધું હશે.’

બાદશાહને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેણે તરત જ બિરબલને જાગીર ઈનામમાં આપી.



@Madhubun Educational Books